સરકારી વાણિજ્ય કોલેજ,

સેક્ટર-૧૫, ગાંધીનગર

સાંસ્કૃતિક પ્રવૃત્તિ અહેવાલ, 2015-2016

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુસર અભ્યાસની સાથે સાથે વિવિધ ઇત્તર પ્રવૃત્તિઓનું આયોજન અત્રેની સંસ્થામાં અવાર-નવાર કરવામાં આવે છે. જે અંતર્ગત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. જેની વિગત સવિસ્તર નીચે મુજબ છે.

તા. 13-08-2015 ના રોજ કોલેજમાં દેશ-ભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રા. શ્રી ડો. એસ.બી. છગે પ્રથમ ક્રમે રાઠોડ નિધિ (સેમ-૧), દ્વિતીય ક્રમે શ્રીમાળી હાર્દિક (સેમ-૩), તથા તૃતીય ક્રમે પંચાલ અરૂણા (સેમ-૫)ને વિજેતા જાહેર કર્યા હતા.

દેશ-ભક્તિ ગીત સંગીત સ્પર્ધા

તા. 14-08-2015 ના રોજ કોલેજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં કુલ 23 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમે વસાવા મોનિકા (સેમ-૫), બીજા ક્રમે રાવલ જિનલ (સેમ-૩), તથા ત્રીજા ક્રમે પંચાલ હિનાબેન (સેમ-૩) વિજેતા રહ્યાં હતા. નિર્ણાયક તરીકે પ્રા. શ્રી રૂબીના શેખે પોતાની ફરજ નિષ્ઠાપુર્વક બજાવી હતી.

<u>મહેંદી સ્પર્ધા</u>

Government Comm
ollege

તા. 19-08-2015 ના રોજ કોલેજમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્પર્ધકોએ નિયમાનુસાર ૨ x ૨ ચોરસમાં ચિરોડી, ફુલ, રંગીન ચોખા, અનાજ, કલર વગેરે વાપરીને કલા કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. નિર્ણાયકો પ્રા. શ્રીઅમિતભાઇ પરમાર તથા પ્રા. શ્રીડો. કે.એસ. વ્યાસ સાહેબે નિર્ણાયક તરીકે પ્રથમ ક્રમે દેવર્ષિ, દ્વિતીય ક્રમે સુથાર નિધી તથા તૃતીય ક્રમે મકવાણા પ્રવિણને વિજેતા જાહેર કર્યા હતા.

<u>રંગોળી સ્પર્ધા</u>

તા. 20-08-2015 ના રોજ કોલેજમાં કાર્ટુનીંગ સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં વિધાર્થીઓએ પોતાની આગવી સુઝ દ્વારા આપેલ વિષયને સુસંગત કાર્ટુન દોર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પારેખ ક્રિષ્ના, બીજા ક્રમે કુરેશી ગુલિસ્તા તથા ત્રીજા ક્રમે સિંધા મહેશકુમાર વિજેતા રહ્યા હતા. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. શ્રી ટી.કે. રાણા તથા પ્રા. શ્રી કે.આર. મકવાણા સાહેબે ફરજ અદા કરી હતી.

<u>કાર્ટુનીંગ સ્પર્ધા</u>

તા. 21-08-2015 ના રોજ કોલેજમાં ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. શ્રીજયશ્રીબેન પરમાર તથા પ્રા. શ્રીપુષ્પાબેન ગોઠડીયાએ ફરજ નિભાવી હતી. પ્રથમ ક્રમે મકવાણા પ્રવિણ, દ્વિતીય ક્રમે પારેખ ક્રિષ્ના તથા તૃતીય ક્રમે કુરેશી ગુલિસ્તા વિજેતા રહ્યા હતા.

ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ સ્પર્ધા

તા. 22-08-2015 ના રોજ કોલેજમાં પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. શ્રીરમેશભાઇ ચૌહાણ તથા પ્રા. શ્રીનિર્મિતભાઇ રાઠોડે કુરેશી ગુલિસ્તા, પારેખ ક્રિષ્ના તથા મકવાણા પ્રવિણને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા.

પોસ્ટર મેકીંગ સ્પર્ધા

તા. 24-08-2015 ના રોજ કોલેજમાં યોજેલ વકૃત્વ સ્પર્ધામાં બારોટ હિતાર્થ પ્રથમ ક્રમે, દ્વિતીય ક્રમે શાહ રોનક તથા તૃતીય ક્રમે પરમાર કિરણ વિજેતા રહ્યા હતા. તથા નિર્ણાયક તરીકેની ભુમિકા પ્રા. ડો. કે.એસ. વ્યાસ તથા પ્રા. ડો.એસ.બી. છા દ્વારા નિભાવવામાં આવી હતી.

<u>વકૃત્વ સ્પર્ધા</u>

તા. 25-08-2015 ના રોજ કોલેજમાં યોજાયેલ શીઘ્ર વકૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. શ્રીકે.આર. મકવાણા તથા પ્રા. શ્રીનિર્મિતભાઇ રાઠોડે પ્રથમ ક્રમે શાહ રોનક, દ્વિતીય ક્રમે બારોટ હિતાર્થ તથા તૃતીય ક્રમે પંચોલી હર્ષને વિજેતા જાહેર કર્યા હતા.

<u>શીઘ્ર વકૃત્વ સ્પર્ધા</u>

તા. 25-08-2015 ના રોજ કોલેજમાં યોજેલ ડીબેટ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં શાહ રોનક અને બારોટ હિતાર્થની ટીમ વિજેતા રહી હતી. તથા નિર્ણાયક તરીકે પ્રા. શ્રી ટી.કે. રાણા તથા પ્રા. શ્રી શેખ રૂબીનાએ ફરજ નિભાવી હતી.

ડીબેટ સ્પર્ધા

તા. 31-08-2015 ના રોજ કોલેજમાં યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુરેશી ગુલિસ્તા, બીજા ક્રમે રાઠોડ જૈમિના તથા તૃતીય ક્રમે પટેલ દેવર્ષિ વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. શ્રી દિશા પોપટ તથા પ્રા. શ્રી મનિષાબેન રાઠોડે ભુમિકા નિષ્ઠાપુર્વક નિભાવી હતી.

<u>નિબંધ સ્પર્ધા</u>

તા. 27-08-2015 ના રોજ કોલેજમાં યોજેલ એકપાત્રીય અભિનયમાં વિદ્યાર્થીઓએ સુંદર અભિનય રજુ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પટેલ મયુર, બીજા ક્રમે ચંદેરા ઉર્મિ તથા તૃતીય ક્રમે પંચોલી હર્ષ વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા.શ્રી એ.કે. પરમાર તથા પ્રા. શ્રી સુચીબેન ત્રિપાઠીએ ફરજ બજાવી હતી.

<u>એકપાત્રીય અભિનય સ્પર્ધા</u>

તા. 28-08-2015 ના રોજ કોલેજમાં યોજાયેલ નાટ્યસ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં ડાયમંડ ગ્રુપને વિજેતા જાહેર કરેલ. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. શ્રી ડો. કે.એસ. વ્યાસ તથા પ્રા. શ્રી ડો. એસ.બી. છગ હતા. જેમણે સ્પર્ધકોને જરૂરી સુચના આપી અત્થા પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

<u>નાટ્ય સ્પર્ધા</u>

HIIC અમદાવાદ:-

તા.૦૮-૦૧-૨૦૧૬ તથા ૦૯-૦૧-૨૦૧૬ના રોજ HIIC અમદાવાદ ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં અત્રેની કોલેજમાંથી વર્મા મયંક (સેમ-૬)ના વિદ્યાર્થીએ વિવિધ પાંચ સ્પર્ધાઓ જેવી કે નિબંધ સ્પર્ધા, શીઘ્ર વકૃત્વ સ્પર્ધા, જુથ ચર્ચા, બુક રીવ્યુ તથા પર્સનાલીટી કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો.

યીલ્ડ્રન યુનિવર્સિટી:-

તા.૧૨-૦૧-૨૦૧૬ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે અત્રેની કોલેજના કુલ ૨૦ વિદ્યાર્થીઓ તથા બે પ્રાધ્યાપક તથા લાઇબ્રેરીયનને સ્વામી વિવેકાનંદજીના જીવનચરીત્ર આધારીત પ્રદર્શન નિહાળ્યું.

તા.૨૫-૦૧-૨૦૧૬ના રોજ યીલ્ડ્રન યુનિવર્સિટી ખાતે યોજાયેલ નિબંધ તેમજ વકૃત્વ સ્પર્ધામાં અત્રેની કોલેજના કુલ ૦૬ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જેમાં શાહ રોનક (એમ.કોમ. સેમ-૪)નો વિદ્યાર્થી વકૃત્વ સ્પર્ધામાં વિજેતા રહ્યા હતા.

NICM:-

NICM, ગાંધીનગર ખાતે યોજાયેલ રંગોળી, ફેસ પેઇન્ટીંગ વગેરેમાં અત્રેની કોલેજના પાંચ વિદ્યાર્થીઓ ભાગ લીધો. તેમાંથી મકવાણા પ્રતીક (રંગોળીમાં) વિજેતા રહ્યો હતો.

J.G. કોલેજ ઓફ કોમર્સ અમદાવાદ:-

તા.૨૧-૦૧-૨૦૧૬ના રોજ J.G. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ ખાતે જુના ફિલ્મી ગીતોની સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં અત્રેની કોલેજમાંથી સોલંકી કિરણ (સેમ-૪)ના વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

તા.૨૮-૦૧-૨૦૧૬ના રોજ એ જ કોલેજમાં મહેંદી સ્પર્ધામાં બે વિદ્યાર્થીઓએ ૧. મકવાણા પ્રવિણ (સેમ-૪), તથા ૨. વસાવા મોનિકા (સેમ-૪) ભાગ લીધો હતો.

તા.૨૯-૦૧-૨૦૧૬ના રોજ યોજાયેલ બ્રાઇડલ મેક-અપ સ્પર્ધામાં અત્રેની કોલેજની વિદ્યાર્થીની પરમાર હિરલ (સેમ-૪)એ ભાગ લીધો હતો.

<u>માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી:-</u>

તા.૨૦-૦૨-૨૦૧૬ના રોજ માતૃભાષા ગૌરવદિન નિમિત્તે અત્રેની કોલેજમાં ગુજરાતી ગીત, ગઝલ, કાવ્ય પઠન, છંદ-દુહા ગાન વગેરેમાં વિધાર્થીઓએ ખુબ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. કોલેજનાં આચાર્યશ્રીએ પ્રેરક પ્રવચન દ્વારા વિધાર્થીઓના ઉત્સાહમાં અનેરો વધારો કર્યો હતો.

કાવ્ય પાઠન સ્પર્ધા

જન્મજયંતી ઉજવણી:-

તા.૦૨-૧૦-૨૦૧૫ના રોજ ગાંધીજયંતી ઉજવણી નિમિત્તે કોલેજમાં સફાઇ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. તા.૩૧-૧૦-૨૦૧૫ના રોજ સરદાર પટેલ જન્મજયંતી નિમિત્તે કોલેજમાં વકૃત્વ તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તા.૧૨-૦૧-૨૦૧૬ના રોજ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે લાઇબ્રેરીમાં સ્વામીજીના જીવનચરીત્ર આધારીત પુસ્તકો તેમજ પોસ્ટરોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું તથા તેમના જીવનચરીત્ર આધારીત વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો.

14

આ તમામ પ્રવૃત્તિઓનું સુયારું સંયાલન પ્રા. શ્રી ડો. હિનાબા ઝાલા તથા પ્રા. શ્રી ફાલ્ગુની એમ. મેસરવાલાએ કર્યું હતું.

તમામ પ્રવૃત્તિઓમાં આયાર્યશ્રી તેમજ સમગ્ર શૈક્ષણિક સ્ટાફ તથા વબિન શૈક્ષણિક સ્ટાફે પોતાનો અમુલ્ય સમય ફાળવી વિધાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.